## રાંદેર પો.સ્ટે.ના મારામારીના ગંભીર ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી, સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચ.

તા.૧૧/૧૧/૧૯ ના રોજ બનેલ પાલનપુર જકાતનાકા પાસે મારામારીના ગુન્હામાં નાસતા ફરતા આરોપી આરોપીઓને શોધી કાઢવા માટે ક્રાઈમ બ્રાંચના પો.સ.ઈ. શ્રી.એસ.પી.ઝાલા તથા તેઓની ટીમના પોલીસ માણસો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન HC હિતેન્દ્રસિહ બુપતસિહ તથા પો.કો.વિક્રમસિંહ મનુભા નાઓને મળેલ બાતમી આધારે કરણ ઉર્ફે છોટૂ ઉર્ફે સોનું શંકરભાઈ ગાવડે ઉ.વ.૨૧ રહે. ફ્લેટ નં. બી/૩, ગજાનંદ એપાર્ટમેન્ટ, પાલનપુર જકાતનાકા કોઠારી હોસ્પીટલની બાજુમાં રાંદેર રોડ, સુરત. મુળવતન:-ગાવડેવાડી તા.મંશર જી.પુણે મહારાષ્ટ્રનાને પકડી પાડી સદર આરોપીની પુછપરછ કરતા તા.૩૦/૧૦/૧૯ ના રોજ પોતે પોતાના મિત્રો સાથે મળીને રાંદેર અંબિકાનગર સોસા., રામનગર વોક-વેની સામે જાહેરમાં રોશન ચન્દ્રપાલ જયસ્વાલ તથા તેના ભાઈ રાજન કાલીને માર મારી ગંભીર ઈજાઓ પહોચાડેલ હોવાનું અને નાસતો ફરતો હોવાનું જણાવેલ હોય, જે બાબતે રાંદેર પો.સ્ટે. I ગુ.ર.નં.૨૪૦/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૦૭, ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૫૦૪,૪૨૭,૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબનો ગુન્હો નોધાયેલ હોય જે ગુન્હો વણશોધાયેલ હોય, જે શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.